
## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



લખો, અમે પણ ખોટા ખર્ચાનાં વિરોધી જ છીએ... જે નેતાનાં અસ્થિ મેળવી ન શકાય તેના જ પુતળા પાછળ ખર્ચો કરીએ છીએ...

# જિલ્લામાં પૂંછડે ચાર ટપકાવાળી લશ્કરી ઈયળના ઉપદ્રવ અંગે સર્વે કરાશે

## ખેતીવાડી તંત્રએ ૩૦ ટીમો આ સર્વે માટે બનાવી આજથી સર્વેની કામગીરી હાથ ધરવામાં આવશે

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લામાં પૂંછડે ચાર ટપકાવાળી લશ્કરી ઈયળનો ઉપદ્રવ છે કે નહિ તે માટે આજથી સર્વેની કામગીરી હાથ ધરવામાં આવશે.

જિલ્લા ખેતીવાડી અધિકારી જાદવના જણાવ્યાનુસાર આ સર્વેની કામગીરી માટે ૩૦ જેટલી ટીમો બનાવી છે તે સર્વે દરમ્યાન જો આ પ્રકારની ઈયળ જોવા મળશે તો તેને નિયંત્રિત કરવા માટે ટીમો દ્વારા ખાસ માર્ગદર્શન પણ આપવામાં આવશે.

પૂંછડે ચાર ટપકાવાળી ઈયળ અંગે આજે ગ્રામસેવક અને વિસ્તરણ અધિકારીઓને ખાસ માર્ગદર્શન તેમજ તાલિમ પણ આપવામાં આવી છે.

પૂંછડે ચાર ટપકાવાળી લશ્કરી ઈયળ મુખ્યત્વે મકાઈના પાક પર જોવા મળતી જીવાત છે. કર્ણાટકમાં વર્ષ ૨૦૧૮માં મકાઈના પાકમાં આ જીવાતની હાજરી જોવા મળેલ છે. ખેતીવાડી ખાતા અને કૃષિ યુનિવર્સિટીમાં વૈજ્ઞાનિકો દ્વારા ગુજરાતમાં પણ આ જીવાતની હાજરી અંગે સર્વે હાથ ધરતા ગુજરાતમાં પણ મકાઈ પાકમાં આ ઈયળની હાજરી જોવા મળેલ છે. આ જીવાત રાજ્યમાં નવી દાખલ થઈ છે. જેની પ્રજનન શક્તિ વધારે છે નવી જીવાત હોય ખેડૂત મિત્રોને વિનંતી છે કે ઉપદ્રવ વધે તે પહેલા નિયંત્રણના પગલા ભરે.

આ ઈયળ સામાન્ય રીતે ઘાટા બદામી રંગની હોય છે. માથુ કાળા રંગનું હોય છે. તેના માથા પર સફેદ રંગનો અંગ્રેજીમાં વાય આકારનો માર્ક જોવા મળે છે. તથા ઈયળની પુંછડી ઉપર છેલ્લાથી આગળના ભાગમાં ચોરસ આકારમાં ઘાટા કાળા રંગના ઉપશેલા ચાર ટપકા જોવા મળે છે. વધુમાં ઈયળના ઈંડા મકાઈના પાંદડાના નીચે અથવા પાંદડા ઉપર અથવા થડ ઉપરના જથ્થામાં જોવા મળે છે. જેના ઉપર સફેદ રૂવાટી જેવું આવરણ જોવા મળે છે. આ ઈયળ ખુબજ ખાઉધરી તથા છોડના ડુંડા સહીતના તમામ ભાગોને નુકશાન કરી મકાઈના પાકને નુકસાન કરે છે. આ ઈયળનો ઉપદ્રવ વધુ પ્રમાણમાં ન ફેલાય તે માટે તેની ઓળખ કરી જો તેની હાજરી જોવા મળે તો તેના નિયંત્રણ માટે તાત્કાલીક પગલા ભરવા જણાવાયુ છે.

# સાયન્સ એક્સલન્ટ-૨૦૧૮માં સરકારી વિજ્ઞાન કોલેજના ૧૬ વિદ્યાર્થીઓએ ભાગ લીધો

## ઓરલ પ્રેઝન્ટેશનમાં સેમેસ્ટર-૫ની શુભાંગી ભટ્ટને પ્રથમ સ્થાન મળ્યું : વિદ્યાર્થીઓએ સંશોધનપત્રો ઉપરાંત પોસ્ટર અને ઓરલ પ્રેઝન્ટેશન્સ રજુ કર્યા

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગરના સેક્ટર-૧૫ ખાતેની સરકારી વિજ્ઞાન કોલેજના ગાંધીનગરની સરકારી વિજ્ઞાન કોલેજના ૧૬ વિદ્યાર્થીઓ જેમાં શુભાંગી, રૂચિત, તુષાર, હર્ષ, વનસ્પતિ શાસ્ત્રના ડૉ. પ્રજ્ઞાબેન પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ સંશોધનપત્રો તૈયાર કરી રજૂ કર્યા



રસાયણશાસ્ત્ર અને વનસ્પતિશાસ્ત્રના ૧૬ વિદ્યાર્થીઓએ ગુજરાત યુનિવર્સિટી ખાતે યોજાયેલ સાયન્સ એક્સેલન્ટ-૨૦૧૮ ઈવેન્ટમાં સંશોધન પત્રો રજૂ કર્યા હતા. આ સાથે વિદ્યાર્થીઓએ તેમણે તૈયાર કરેલા પોસ્ટર્સ અને ઓરલ પ્રેઝન્ટેશન્સ પણ પ્રદર્શિત કર્યા હતા. ઓરલ પ્રેઝન્ટેશનમાં શુભાંગી ભટ્ટે પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

હાર્દિક, આનલ, નૈસર્ગી, વૈશાલી, ધ્વનિકા, ચેલાભાઈ, હીર, રૂતબા, પ્રશાંત, અનિકેત, સંજય કટારા અને સંજય પારધી વગેરે વિદ્યાર્થીઓનો મસાવેશ થાય છે. જેમણે અમદાવાદમાં આયોજિત સાયન્સ એક્સેલન્ટ-૨૦૧૮માં ભાગ લીધો હતો. આ વિદ્યાર્થીઓએ રસાયણશાસ્ત્રના ડૉ. ડી.એસ. ગાંધી અને ડૉ. જયંતિ રાજોરા તથા હતા. આ સાથે વિદ્યાર્થીઓએ પોસ્ટર પ્રેઝન્ટેશન અને ઓરલ પ્રેઝન્ટેશન કર્યુ હતુ. કોલેજના કેમિસ્ટ્રી વિભાગની સેમેસ્ટર-૫ની વિદ્યાર્થીની શુભાંગી ભટ્ટને ઓરલ પ્રેઝન્ટેશનમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત થયું હતું. શુભાંગી સહિત તમામ વિદ્યાર્થીઓને કોલેજના આચાર્ય ડૉ. કે.જી. છાયા સહિત સમગ્ર કોલેજ પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.





## ચંદ્રાલા આદર્શ પ્રાથમિક શાળા ખાતે તાલુકાકક્ષાનું વિજ્ઞાન-ગણિત-પર્યાવરણ પ્રદર્શન યોજાયું

ગાંધીનગર જિલ્લા શિક્ષણ તથા તાલીમભવન ગાંધીનગર તથા જિલ્લા શિક્ષણ સમિતિ દ્વારા આયોજિત પ્રાથમિક શાળાના તાલુકાકક્ષાનું વિજ્ઞાન-ગણિત-પર્યાવરણ પ્રદર્શન પ્રા. શિક્ષણ સમિતિના ચેરમેન શ્રીમતી કિર્તિબેન પટેલના અધ્યક્ષસ્થાને ઉદ્‌ઘાટન સમારોહ યોજાયો હતો. ઉદ્‌ઘાટન પ્રસંગે સૌ પ્રથમ શાળાની બાલિકાઓએ પ્રાર્થના અને સ્વાગતગીત રજૂ કરી મહાનુભાવોનું ઉષ્માભર્યુ સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે શાળાના આચાર્ય રાજેન્દ્રભાઈ પી. પટેલે સ્વાગત પ્રવચન કરી મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. ત્યારબાદ મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમ ખુલ્લો મુક્યો હતો. આ કાર્યક્રમમાં તાલુકામાંથી ગાંધીનગર તાલુકા પંચાયતના પ્રમુખ શોભનાબા વાઘેલા, ભાજપના અગ્રણી આઈ.બી. વાઘેલા, શિક્ષણ પ્રાથમિક શિક્ષણાધિકારી જે.જી. પંડ્યા, ડાયટના પ્રાચાર્ય આઈ.જી. પટેલ, સી.આર.સી. કો. ઓડીનેટર પંકજભાઈ પટેલ, લાયઝન અધિકારી કે.એસ. પટેલ, બીઆરસી, સીઆરસી કો. ઓર્ડિનેટર, તાલુકા શિક્ષણ સંઘના હોદ્દેદારો, પદાધિકારીઓ, ચંદ્રાલા ગામના સરપંચ વિનુભાઈ પટેલ, ગામના ઉત્સાહી આગેવાનો વગેરેનું પુસ્તક આપી શાલ ઓઢાડી પ્રસંગોપાત સન્માન કર્યું હતું.

# ભૂતિયા વિદ્યાર્થી સહિત ઘણી બધી તપાસ માટે ત્રિ-દિવસીય શાળા તપાસણી અભિયાન

ગાંધીનગર, તા. ૨૭

પ્રાથમિક શાળાઓમાં ભૂતિયા વિદ્યાર્થી શોધવા તેમજ સ્વચ્છતા સહિતના વિવિધ મુદ્દાઓને આવરી લઈ એક ખાસ તપાસણી અભિયાન શિક્ષણ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવ્યુ છે.

આ માટે શિક્ષણ વિભાગના અધિકારીઓને ખાસ તાલિમ આપવામાં આવી હતી તેમજ તેમનો રિપોર્ટ ૩જી ઓક્ટો.ના રોજ રાજ્યના પ્રાથમિક શિક્ષણ નિયામકને જ આપવા માટેની કડક સૂચનાઓ આપવામાં આવી છે.

કયા અધિકારીને કયા તાલુકામાં કે ગામે જવાનુ છે તે અંગે પણ ગુપ્તતા રાખવામાં આવી છે એટલુ જ નહિ આ તપાસણી માટેના તાલિમ વર્ગમાં ખાસ સૂચના આપવામાં આવી હતી કે જિલ્લાસ્તરના અધિકારી કે પદાધિકારીને પણ મળવાનું નથી. તમારે સંપૂર્ણ સ્વતંત્ર રીતે આ તપાસ કરી અહેવાલ આપવાનો છે.

આજથી શરૂ થયેલુ આ અભિયાન ૨૯મી સુધી ચાલશે. અભિયાન અંતર્ગત તમે જે ગામમાં જાવ તેની પણ જાણ કોઈ તંત્રને કે કોઈને કરવી નહિ તેવી કડક સૂચના છે.

મળતી વિગતો પ્રમાણે રાજ્યમાં ભૂતિયા વિદ્યાર્થીઓ શોધવા તેમજ શૈક્ષણિક સંકુલોની સ્વચ્છતા શિક્ષણની ગુણવત્તા સહિત ૧૫થી વધુ બાબતોની તપાસ કરવામાં આવશે.

મધ્યાહન ભોજન યોજનામાં બાળકોની હાજરી, વર્ગખંડમાં હાજરી ગેરહાજરી છે તો કેટલા સમયથી અને તે માટે વાલી કે પરિવારનો સંપર્ક શિક્ષકો દ્વારા કરવામાં આવ્યો છે કે કેમ ? મધ્યાહન ભોજન યોજનામાં મેનુ પ્રમાણેનું ભોજન પીરસાયુ છે કે નહિ ? જેવી ઘણી બધી બાબતો આ તપાસમાં આવરી લેવામાં આવી હોવાનું શિક્ષણ વિભાગના સૂત્રોએ જણાવ્યુ છે.





ફૂડ એન્ડ ડ્રગ્સ કન્ઝ્યુમર વેલ્ફેર કમિટિના ગાંધીનગર જિલ્લા એકમ દ્વારા માસ્ટર એથ્લેટ હેમા સાગર તથા થ્રો બોલ પ્લેયર તનવીરસિંહ રાણાનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના રાજ્યના જનરલ સેક્રેટરી અનિલ મોરે તથા ગાંધીનગરના ડેપ્યુટિ મેયર દેવેન્દ્રસિંહ ચાવડા ઉપસ્થિત રહ્યાં હતા. અત્રે ઉલ્લેખનીય છે કે હેમા સાગરે તાજેતરમાં મલેશિયા ખાતે યોજાયેલ એશિયન પેસિફિક એથ્લેટિક્સ માસ્ટર ગેઈમ્સમાં ચંદ્રફેંકમાં ગોલ્ડમેડલ, શોટપુટમાં સિલ્વર મેડલ તથા હેમર થ્રોમાં બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો છે. જ્યારે તનવીરસિંહ રાણાએ થાઈલેન્ડ ખાતે રમાયેલ થ્રો બોલની રમતમાં ગોલ્ડમેડલ જીતી આંતરરાષ્ટ્રીય કક્ષાએ નામ રોશન કર્યું છે.

# ગુજરાતને પ્રવાસન ક્ષેત્રે ત્રણ પ્રતિષ્ઠિત એવોર્ડ્સ

દર વર્ષની જેમ આ વર્ષે પણ ગુજરાતે ગૌરવ સમાન ત્રણ એવોર્ડ હાંસલ કરીને રાજયના પ્રવાસીલક્ષી અભિગમની છબી પ્રકાશીત કરી છે. ગુજરાત પ્રવાસન વિભાગને મળેલ એવોર્ડ્સ તેની પ્રવાસીઓ માટે પુરી પાડવાની સુવિધાઓ માટેના નિરંતર પ્રયાસોની પ્રતિબદ્ધતા દર્શાવે છે. વર્ષ ૨૦૧૬-૧૭ માટે ગુજરાત પ્રવાસન નિગમને સાપુતારામાં ઉપલબ્ધ કરાવેલ પ્રવાસી સુવિધાઓ જેવી કે આઈઈસી સુપરવાઈઝરની નિમણુંક જે સ્થાનિક સમુદાયને જાગૃત કરશે, શ્રેષ્ઠ વેસ્ટ મેનેજમેન્ટ સીસ્ટમ્સ, રીસાયકલીંગ અને રી-યુઝ માટેની સ્થાપિત સુવિધાઓ સાથોસાથ સ્વચ્છતા પખવાડા અંતર્ગત હાથ ધરવામાં આવતાં "બીટ ધ પ્લાસ્ટીક" જાગૃતિ અભિયાન જેવી બીજી અનેક સુવિધાઓ માટે બેસ્ટ સિવિક મેનેજમેન્ટ એવોર્ડ હાંસલ કર્યો છે. તદ્‌ઉપરાંત અમદાવાદને સંયુક્ત બેસ્ટ હેરિટેજ સિટી ( સંયુક્ત અમદાવાદ અને મંધુ. એમપી) અને





બેસ્ટ એરપોર્ટ અમદાવાદ આમ કુલ ત્રણ એવોર્ડ ગુજરાતના નામે થયા હતાં.

દિલ્હી ખાતે યોજાયેલ નેશનલ ટુરીઝમ એવોર્ડ્સ અંતર્ગત ઘણાં રાજ્યોને જુદી જુદી કેટેગરીમાં એવોર્ડ પ્રાપ્ત થયાં છે. ગુજરાત પ્રવાસન વિભાગને વર્ષ ૨૦૧૫-૧૬ માં પણ હૉલ ઓફ ફેમ એવાર્ડ પ્રાપ્ત કર્યો હતો જે કોમ્પ્રીહેન્સીવ ડેવલપમેન્ટ કેટેગરીમાં મળેલ પરંતું આ એવોર્ડ માટે ફરી થી નામાંકન ત્રણ વર્ષ પછી જ કરી શકાય છે.

વર્લ્ડ ટુરિઝમ ડે ના દિવસે આ એવાર્ડ માનનીય પ્રવાસન મંત્રીશ્રી કે. જે. આલ્ફોન્સ ના હસ્તે ન્યુ દિલ્હી ખાતે આપવામાં આવ્યો હતો. બેસ્ટ સિવિક મેનેજમેન્ટ એવાર્ડ (સાપુતારા) નો પુરસ્કાર ગુજરાત ટુરિઝમ વતી શ્રીમતી આરતીબેન કનવર(આઈએએસ) રેસિડેન્ટ કમીશ્નર અને શ્રી જેનુ દેવન (આઈએએસ), મેનેજિંગ ડિરેક્ટર, ટુરિઝમ કોર્પોરેશન ઓફ ગુજરાત લિમિટેડ એ મેળવ્યો હતો, બેસ્ટ હેરિટેજ સિટી અમદાવાદ નો એવાર્ડ શ્રીમતી બીજલબેન પટેલ, મેયર અને શ્રી રાકેશ શંકર, નાયબ મ્યુન્સિપાલ કમિશ્નર તેમજ બેસ્ટ એરપોર્ટ અમદાવાદ નો એવાર્ડ શ્રી મનોજભાઈ ગંગાલ, ડિરેક્ટર ને સોપવામાં આવ્યો હતો. ગુજરાત ને આ પુરસ્કાર ના હક્કદાર બનાવવામાં માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને માનનીય મંત્રીશ્રી ગણપતસિંહ વસાવાની, પ્રવાસન આદિજાતિ વિકાસ, વન અને બાળ કલ્યાણ, ગુજરાત ના આશીર્વાદ થકી છે.

# ગાંધી જયંતિના દિવસે વણકર સમાજ ગાંધીનગર દ્વારા મૌનરેલી યોજાશે

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર શહેરમાં વસતા નાના-મોટા તમામ સમાજને ભવન બનાવવા માટે સરકાર દ્વારા રાહતદરે જમીન ફાળવી છે. પરંતુ ગાંધીનગરમાં વસતિની દૃષ્ટિએ બીજા ક્રમે આવતા વણકર સમાજને 'વણકર ભવન' માટે તંત્ર દ્વારા આજદિન સુધી જમીન ફાળવવામાં આવી નથી. શહેરમાં વણકર ભવન બનાવવા માટે વણકર સમાજે આંદોલન છેડ્યુ છે. તા. ૨-૧૦-૧૮ને ગાંધી જયંતિના દિવસે સે. ૬ ઉપવાસી છાવણી ખાતે સવારે ૯ થી ૪ કલાક દરમિયાન પ્રતિક ઉપવાસ અને મૌનરેલીનું આયોજન ગાંધીનગર વણકર સમાજ દ્વારા કરવામાં આવ્યું છે.

જેમાં રાજ્યભરમાંથી વણકર સમાજના ભાઈ-બહેનો ઉપસ્થિત રહેશે. જ્યારે સરકાર દ્વારા જો હાલના સમયે જમીન ફાળવી શકાય તેમ ન હોય તો વિકલ્પ સ્વરૂપે ટોકન દરે રંગમંચ કે અન્યથા સરકાર ભવન બનાવી વણકર સમાજને ટોકન ભાડે ચલાવવા આપે તેવી વણકર સમાજની લાગણી અને માંગણી છે.

# ફેબ્રુઆરીના અંતમાં સીબીએસઈ ધો-૧૦-૧૨ની પરીક્ષા

સીબીએસઈ હવે તેની ધો.૧૦ અને ૧૨ની પરીક્ષાની તારીખમાં ફેરફાર કરવા જઈ રહ્યું છે. આ વર્ષે સીબીએસઈ બોર્ડની પરીક્ષાઓ ફેબ્રુઆરીના આખરી સપ્તાહમાં જ શરૂ થઈ જશે. સીબીએસઈ દ્વારા પરીક્ષાની તારીખમાં સૂચિત ફેરફાર મુજબ, ફેબ્રુઆરીના અંતિમ સપ્તાહમાં સૌ પહેલાં વોકેશનલ વિષયોની પરીક્ષા લેવાશે. માર્ચના પ્રથમ સપ્તાહમાં મુખ્ય વિષયોની પરીક્ષા લેવામાં આવશે.

## જાહેર નિવિદા નં. ૪, સને ૨૦૧૮-૧૯

નાયબ કાર્યપાલક ઈજનેર, પાટનગર યોજના પેટા વિભાગ નં. ૯, પાટનગર યોજવા ભવન, બી-બ્લોક, સેક્ટર-૧૬, ગાંધીનગર - ૩૮૨૦૧૬ (ટે.નં. ૨૩૨૫૯૧૬૫/૬૬)ની કચેરી તરફથી કામના ટેન્ડર માંગવામાં આવે છે. જેની અંદાજીત કિંમત રૂ. ૧,૨૩,૪૯૯.૨૯ના ટેન્ડરો 'ઈ-૨' અને ઉપરની શ્રેણીમાં રજીસ્ટ્રેશન ધરાવતી એજન્સીઓ પાસેથી માંગવામાં આવે છે. આ કામના કોરા ટેન્ડર ફોર્મ ઈસ્યુ કરવાની છેલ્લી તા. ૬/૧૦/૨૦૧૮ના સાંજના ૪.૦૦ કલાક સુધી રાખેલ છે. અને ભાવ ભરેલ ટેન્ડર રજી.પો.એ.ડી. / સ્પીડ પોસ્ટથી કચેરીમાં પરત સ્વીકારવાની છેલ્લી તા. ૧૫/૧૦/૨૦૧૮ છે. આ કામની વિગતવાર નિવિદા તથા કામની વધુ વિગતો માટે કચેરી સમય દરમિયાન રૂબરૂ સંપર્ક કરવા વિનંતી છે.

માહિતી/૧૬૮૧/૧૮-૧૯

# વડાપ્રધાન નરેન્દ્ર મોદી રવિવારે અમૂલ ડેરીના ૧૧૨૦ કરોડના વિવિધ છ નૂતન પ્રકલ્પોનું લોકાર્પણ કરશે

ગાંધીનગર, તા. ૨૮

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી રવિવાર તા. ૩૦/૯/૧૮ના રોજ સવારે ૯-૩૦ કલાકે સુપ્રસિદ્ધ અમૂલડેરીના મોગર સ્થિત અતિ આધુનિક ચોકલેટ પ્લાન્ટ (રેડી ટુ યુઝ થેરાપ્યુસ્ટીક ફુડ) અને ટેક હોમ રાશન પ્લાન્ટનું રાજયપાલ ઓ. પી. કોહલી, મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્ય મંત્રી નીતિનભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં લોકાર્પણ કરશે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અમૂલ દ્વારા રૂા.૩૦૦ કરોડના ખર્ચે નિર્માણ થયેલ અત્યાધુનિક ચોકલેટ પ્લાન્ટ, રૂા. ૪૫૦ કરોડના ખર્ચે ગાંધીનગર ખાતે અમૂલ ફેડ ડેરીના મિલ્ક પાવડર, ઘી અને માખણ પ્લાન્ટને ખુલ્લો મૂકશે. જયારે વિદ્યા ડેરી ખાતે રૂા. ૨૦ કરોડના ખર્ચે સ્ટેટ ઓફ આર્ટ સંપૂર્ણ ઓટોમેટીક આઈસ્ક્રીમ પ્લાન્ટનું લોકાર્પણ કરશે.

વડાપ્રધાન આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા ઈન્કુબેશન સેન્ટર-કમ-સેન્ટર ઓફ એકસલન્સ ઈન ફુડ પ્રોસેસીંગ ફોર પ્રમોટીંગ એન્ટરપ્રિનોયર્સ એન્ડ સ્ટાર્ટ અપનું ઉદઘાટન કરશે.

વડાપ્રધાન અમૂલ ડેરી દ્વારા રૂા. ૧૦૦ કરોડના ખર્ચે અમૂલ મિલ્ક પ્રોસેસીંગ, વિસ્તરણ, પેકેજીંગ, બટર મેન્યુફેકચરીંગ નવા પ્રોજેકટ, રૂા. ૧૦૦ કરોડના ખર્ચે ખાત્રજ ખાતે અમૂલ ચીઝ પ્લાન્ટના વિસ્તરણ કાર્ય સહિત પશ્ચિમ બંગાળના કોલકત્તા ખાતે રોજના ૧૫ લાખ લીટર દૂધની ક્ષમતા ધરાવતા રૂા. ૧૫૦ કરોડના ખર્ચે નિર્માણ થનાર નવા પ્લાન્ટનો શિલાન્યાસ કરશે. વડાપ્રધાનના હસ્તે અમૂલ ડેરી દ્વારા રૂા. ૭૭૦ કરોડના ખર્ચે નિર્માણ થયેલ વિવિધ ચાર પ્રકલ્પોનું લોકાર્પણ તેમજ રૂા. ૩૫૦ કરોડના ખર્ચે નિર્માણ થનાર ત્રણ પ્રકલ્પોના શિલાન્યાસ કરવામાં આવશે. આમ કુલ રૂા. ૧૧૨૦ કરોડના વિવિધ પ્રકલ્પોનું લોકાર્પણ/ખાતમુર્હૂત કરવામાં આવશે.


ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality | KisaN | ashirvad | BENELAVE | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS | ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ